Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# –: <u>પરિપત્ર</u> :–

શિક્ષણ વિદ્યાશાખા હેઠળની બી.એડ઼ અને એમ.એડ઼નો અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ તથા અનુસ્નાતક ભવનના વડાશ્રીને જણાવવાનું કે, શિક્ષણ વિદ્યાશાખા હેઠળ આવતી અભ્યાસસમિતિઓની તેમજ શિક્ષણ વિદ્યાશાખાની તા. ૧૦/૦૬/૨૦૧૫ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંક : ૨, ૩ અને ૪ અન્વયે કરેલ નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલ તેમજ સિન્ડિકેટવતી માનનીય કુલપતિશ્રીએ મંજૂર કરેલ છે, તેની જાણ સંબંધકર્તા શિક્ષકો અને વિદ્યાર્થીઓને કરવી, તદઉપરાંત તેનો અમલ કરવો.

**<u>શિક્ષણ વિદ્યાશાખાની તા. ૧૦/૦૬/૨૦૧૫ ની સભાની ભલામણ ક્રમાંક : ૨, ૩ અને ૪</u>**

(૨) એન.સી.ટી.ઈ.ની ગાઈડલાઈન્સ મુજબ વિભાજીત કરી તૈયાર કરેલ **શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ થી અમલમાં આવનાર બી.એડ઼ના ચાર સેમેસ્ટરના** અભ્યાસક્રમનું ફ્રેમવર્ક તથા અભ્યાસક્રમ અને તેના નોર્મ્સ અને રેગ્યુલેશન સર્વાનુમતે સ્વીકારી તે મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે.

(૩) એન.સી.ટી.ઈ.ની ગાઈડલાઈન્સ મુજબ વિભાજીત કરી તૈયાર કરેલ **શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ થી અમલમાં આવનાર એમ.એડ઼ના ચાર સેમેસ્ટરના** અભ્યાસક્રમનું ફ્રેમવર્ક તથા અભ્યાસક્રમ અને તેના નોર્મ્સ અને રેગ્યુલેશન સર્વાનુમતે સ્વીકારી તે મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે.

(૪) એન.સી.ટી.ઈ.ના ૨૦૧૪ ના નોર્મ્સ અને રેગ્યુલેશન મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ થી અમલમાં મૂકવાના અભ્યાસક્રમ બાબતે કોલેજોએ હવે અમલમાં લાવવાની નીચેની બાબતોની સ્વીકારી તે મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે.

  ૧) બી.એડ઼/એમ.એડ઼ના અભ્યાસક્રમ ચલાવતી દરેક કોલેજે અઠવાડિયાના છ દિવસ છ કલાક માટે કામ કરવાનું રહેશે.
  
  ૨) દરેક કોલેજે વૈકલ્પિક વિષયોમાંથી ઓછામાં ઓછા બે વિષયો વિદ્યાર્થીઓને ઓફર કરી ચલાવવાના રહેશે. દરેક પ્રશિક્ષણાર્થીએ તેમાંથી કોઈ એક વિષય પસંદ કરવાનો રહેશે.

બિડાણ : ઉપર મુજબ

ક્રમાંક : એકે./પરિપત્ર/૭૩૧૭/૧૫ — સહી/–
તા. ૧૧–૦૬–૨૦૧૫ — કુલસચિવ

પ્રતિ,

૧) બી.એડ઼ અને એમ.એડ઼નો અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ તથા અનુસ્નાતક ભવનના વડાશ્રી.

૨) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

...તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.